
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ચાલો આમ જુઓ... ઉભા થઈ શાક ફોલી આપો, આમની જીતવાની બે આંગળી કરતા મારી એક આંગળી તમારા માટે અગત્યની છે...

# વૉટ આપીનો પરત ફરતા રાજસ્થાનીઓને વાહનોના છાપરે બેસી જોખમી મુસાફરી કરવી પડી

**પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા વતન ગયેલા પરપ્રાંતિય નાગરિકો પરત ફરતા ચિલોડા સર્કલે ટ્રાફિકમાં ચહલપહલ**

ગાંધીનગર, તા.૮

દેશના પાંચ રાજયોમાં ગઈ કાલે વિધાનસભાની ચુંટણીઓ યોજાઈ હતી. જેમાં ગુજરાતના બે પડોશી રાજયો રાજસ્થાન તથા મધ્યપ્રદેશનો સમાવેશ થાય છે. આ બંને રાજયોના અનેક નાગરિકો ગુજરાતમાં રોજગારી અર્થે રહે છે જેઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા વતન તરફ પ્રયાણ કરી ગયા હતા જે હવે પરત ફરી રહ્યા છે. રાજસ્થાન તરફથી પરત આવી રહેલા શ્રમજીવીઓના ધસારાને કારણે ચિલોડા સર્કલે ટ્રાફિકમાં ચહલપહલ સાથે છાપરે બેસીને આવતા રાજસ્થાનીઓથી ભરેલી લકઝરી બસો તથા અન્ય વાહનોની ભરમાર જોવા મળી હતી.

ગાંધીનગર તથા અમદાવાદની આસપાસના વિસ્તારમાં મોટી સંખ્યામાં રાજસ્થાની નાગરિકો જેમાં ખાનગી કંપનીના કર્મચારીઓથી માંડીને વ્યવસાયિકો તેમજ બાંધકામ




સહિતના ક્ષેત્રના શ્રમજીવી નાગરિકોનો સમાવેશ થાય છે. આ નાગરિકો ગઈ કાલે પોતાના વતનમાં મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીને મજબૂત કરવાનું કાર્ય કરવા ગયા હતા તે પુરું કરી પરત ફરી રહ્યા છે. રાજસ્થાનથી આવી રહેલા મુસાફરોની સંખ્યા એટલી વધારે છે કે ખાનગી તેમજ સરકારી લકઝરી બસો તથા અન્ય ખાનગી વાહનો એટલા 'હાઉસફુલ' હોય છે કે આ મુસાફરોને વાહનના છાપરે બેસીને જોખમી મુસાફરી કરી પરત ફરવાની પરજ પડી રહી છે. ગાંધીનગરના ચિલોડા સર્કલે આ પ્રકારના વાહનોની ભરમાર જોવા મળી રહી છે જેના પગલે સમગ્ર સર્કલ વિસ્તાર ટ્રાફિકની હલચલ સાથે ભીડભાડ ભર્યો જોવા મળી રહ્યો છે.

## આજે સેક્ટર-૧૧માં રાષ્ટ્રીય હિતરક્ષક દળની પેપરલીક મુદ્દે રેલી

**સચિવાલયમાં મહાત્મા ગાંધીની પ્રતિમાને આવેદનપત્ર આપવાનું આયોજન**

ગાંધીનગરના સેક્ટર-૧૧માં રામકથા મેદાન ખાતે આવતીકાલે રવિવારે સવારે ૧૧ કલાકે રાષ્ટ્રીય હિતરક્ષક દળ દ્વારા ગુજરાતમાં સરકારી ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રમાણિકતાથી લેવાય તે માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલી સેક્ટર-૧૧થી નીકળી સચિવાલય પ્રાંગણમાં મહાત્મા ગાંધીની પ્રતિમાને સજીવન સમજી તેમને આવેદનપત્ર આપી ગુજરાત સરકાર પાસે અહિંસક પદ્ધતિથી જવાબ માંગશે.

ગુજરાતમાં તાજેતરમાં લોકરક્ષક દળની પરીક્ષાના પેપર લીક કૌભાંડથી બેરોજગાર યુવાનોમાં આક્રોશ પ્રવર્તી રહ્યો છે. આ યુવાનોની હતાશા દૂર થાય તે હેતુથી રાષ્ટ્રીય હિતરક્ષક દળના હસમુખ સકસેના દ્વારા આ રેલીનું આયોજન કરી રાજ્ય સરકાર સમક્ષ વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં અનેક સંસ્થાઓના અગ્રણીઓ સહિત કાર્યકરો મોટી સંખ્યામાં જોડાશે તેવો દાવો કરાયો છે.

## આકાશ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા માધવગઢ ગામે ડાયરો યોજાયો

ગાંધીનગર, તા.૮

આકાશ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ગાંધીનગર જિલ્લાના માધવગઢ ગામે લોકડાયરાનું આયોજન કરાયું હતું. જયારે ગ્રામજનોએ લોક ડાયરાની મોજ માણી હતી. જીલ્લા રમત ગમત અધિકારીની કચેરી તથા આકાશ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા તા. ૭ ડિસેમ્બરને શુક્રવારના રોજ રાત્રે ૮ કલાકે ડાયરો યોજાયો હતો. જેમાં હેમંત મીર, સાહિલ મીર, અલ્કાબેન રાઠોડ, વિનોદ વાઘેલા, પ્રવિણ બારોટ, સુનિલ કવિ સહિતના કલાકારોએ ડાયરામાં હાસ્ય સાથે ગ્રામજનોને મોજ કરાવી હતી. લોક સાહિત્ય અને સંસ્કૃતિની વાતો સાંભળી ગ્રામજનો આનંદિત થઈ ઉઠ્યા હતા.

## તલોદ ખાતે ભવ્ય શિવકથા

દેવાધી દેવ મહાદેવના આશિર્વાદ મેળવવા તલોદ શહેરમાં સૌ પ્રથમવાર ગાંધીનગરના યુવા કથાકાર ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે ભવ્ય શિવકથાનું આયોજન શ્રી કૃષ્ણ મંદિર સિવિલ હોસ્પિટલ પાસે મેઈન બજાર તલોદ ખાતે સાત દિવસ માટે યોજાશે. તા. ૨૨ થી ૨૮ ડિસેમ્બર સુધી દરરોજ બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક સુધી સંગીતમય કથાનું ગાન થશે. અને તા.૨૯ ડિસેમ્બરને શનિવારના રોજ સુંદરકાંડના પાઠ યોજાશે. આ શિવકથાનો લાભ લેવા સમગ્ર તલોદવાસીઓને રામમંડપ સર્વિસ દ્વારા અનુરોધ કરાયો છે.

# પ્રધાનમંત્રી સાથે મુખ્યમંત્રી વચ્ચે અઢી કલાક મંત્રણા

**આ વખતે વાયબ્રન્ટ સમિટમાં દુનિયાના ૧૨ દેશો પાર્ટનર કન્ટ્રી બન્યા : ૧૦૦થી વધુ દેશોના પ્રતિનિધિઓ પહોંચશે**

ગાંધીનગર, તા.૮

ગુજરાતમાં આગામી જાન્યુઆરી-૨૦૧૯માં યોજાનારી વાયબ્રન્ટ ગુજરાત સમિટની તૈયારીઓને જાણે આખરી ઓપ અપાઈ રહ્યો છે. તો આજરોજ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ દિલ્હી પહોંચી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી અને તેમને વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૯ નું ઉદ્ઘાટન કરવા આવવાનું આમંત્રણ પણ ભાવભર્યુ પાઠવ્યું હતું.

વડાપ્રધાને મુખ્યમંત્રી રૂપાણી અને તેમના ડેલીગેટ્સને વાયબ્રન્ટની તૈયારીઓને લઈ પૃચ્છા કરી તેની સફળતાની શુભેચ્છા પણ પાઠવી હતી. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાનારા વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ગત સમિટના ખમતીધર પાર્ટનર કન્ટ્રી અમેરિકા અને ઈંગ્લેન્ડે આ વખતે પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાવવા માટે હજુ સુધી ગુજરાત સરકારને સંમતિ આપી નથી. જેના કારણે બન્ને દેશ સમિટના ભાગીદાર દેશ તરીકે નહીં જોડાય તેવું ચિત્ર હાલ ઉપસ્યું છે. જો કે સરકારનો એવો દાવો છે કે અન્ય નવા દેશ આ વખતે પાર્ટનર કન્ટ્રી બન્યા છે તેના કારણે તેઓ છેક સુધી નહીં આવે તો પણ તેમની ખોટ વર્તાશે નહીં. યુકેમાંથી મોટું રોકાણ ગુજરાતમાં આવતું ન હતું. જ્યારે અમેરિકા ભલે સમિટમાં પાર્ટનર કન્ટ્રી તરીકે ન જોડાય પરંતુ તેનું મોટુ ડેલિગેશન સમિટમાં ભાગ લેવા આવી રહ્યું છે. આજે દિલ્હીમાં વડાપ્રધાનનાં નિવાસસ્થાને યોજાયેલી બેઠકમાં મુખ્યમંત્રી અને ગુજરાત સરકારના વરિષ્ઠ સચિવોએ આ વાયબ્રન્ટ સમિટના આયોજનની સંપુર્ણ વિગતોથી વડાપ્રધાનને માહિતગાર કર્યા હતા.

કેન્દ્ર સરકારના વિભાગોનો પણ આ સમિટની સફળતા માટે સહયોગ મળી રહ્યો છે એમ તેમણે કહ્યું હતું. મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, આ વખતે સમિટમાં વિશ્વના ૧૨ દેશો પાર્ટનર કન્ટ્રી બન્યા છે તેમજ ૧૦૦થી વધુ રાષ્ટ્રોના ૩૦ હજાર જેટલા ડેલીગેટ્સ પણ સમિટમાં ભાગ લેવા આવશે. મુખ્યમંત્રીએ કહ્યું કે, વાયબ્રન્ટ સમિટ ૨૦૧૯માં આફ્રિકા-ડે ની ઉજવણી કરીને આફ્રિકા સાથે ઈમ્પોર્ટ સહિતના સંબંધો વિકસાવવાની દિશામાં આગળ વધવું છે. એમ.એસ.એમ.ઈ. સેક્ટરને પણ સમિટમાં સમાવિષ્ટ કરવાના આયોજનની પણ વિગતો મુખ્યમંત્રીએ આપી હતી. વાયબ્રન્ટ સમિટની આ ૯ મી કડીમાં આ વર્ષે તા.૧૫થી ૨૭ જાન્યુઆરી દરમ્યાન અમદાવાદમાં પ્રથમ વાર શોપિંગ ફેસ્ટિવલ યોજવામાં આવશે.

મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું કે, આ શોપિંગ ફેસ્ટિવલમાં નાના મોટા ટ્રેડર્સને વેપારની તક મળશે. પ્રધાનમંત્રી સાથેની મુખ્યમંત્રીની આ બેઠકમાં મુખ્ય સચિવ ડો.જે એન સિંહ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે.કૈલાસ નાથન, અગ્ર સચિવ મનોજ કુમાર દાસ, ઉદ્યોગ કમિશનર મમતા વર્મા અને અન્ય ઉચ્ચ અધિકારીઓ જોડાયા હતા.

## સોમવારે બ્રહ્માકુમારીઝ ખાતે વિશ્વ માનવ અધિકાર દિવસ અંતર્ગત સેમિનાર

ગાંધીનગરના સેક્ટર-૨૮માં પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના કેન્દ્ર પીસપાર્ક ખાતે આગામી તા. ૧૦મી ડિસેમ્બર સોમવારે ''આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિવસ'' નિમિત્તે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં સીઆરપીએફ ગૃપ સેન્ટરના ડીઆઈજી કે. એમ. યાદવ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર અને અપરાધ વિરોધી સંગઠ્ઠન દ્વારા નાગરિકોને સંવિધાનમાં મળેલા અધિકારો તથા જીવનની સ્વતંત્રતા, સમાનતા તથા માનવ ગરિમા પ્રાપ્ત થાય તે હેતુથી આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિવસે રાષ્ટ્રભરમાં સેમિનારનું આયોજન કરાયું છે. જેના ભાગરૂપે ગાંધીનગરમાં બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે કાર્યક્રમ યોજાશે જેમાં રાજયોગિની બીકે કૈલાશદીદી આશિર્વચન પાઠવશે.

## માઈક્રોહાઈબ્રીડ એસી તૈયાર કરાયું

હવે આગામી દિવસોમાં મોંઘા બજેટના અને વીજળીનું તોતીંગ બીલ લાવતાં એર કન્ડીશનર (એસી)ના બદલે માઈક્રોહાઈબ્રીડ, એકદ સસ્તા, સમાજના તમામ વર્ગોને પોષાય તેવા દરે અને વીજબીલમાં ૭૦ ટકા સુધી રાહત આપતાં એર કન્ડીશનર બજારમાં જોવા મળશે. અમદાવાદના નૃજલ પટેલ નામની વ્યકિતએ અનોખા ઈનોવેટીવ માઈક્રોહાઈબ્રીડ એસીની શોધ કરી છે, જે આગામી માર્ચ મહિના સુધીમાં ગુજરાતના બજારમાં જોવા મળશે. આ માઈક્રોહાઈબ્રીડ એસીની નોંધનીય વિશેષતા એ છે કે, તે ઈકોફ્રેન્ડલી ગેસથી ચાલે છે અને તેનાથી ઓઝોને લેયરને ઝીરો ટકા અસર થાય છે.

## ઈસનપુર મોટા એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ ખાતે આયુષમાન ભારત યોજનાનો શુભારંભ

ચિલોડા, તા.૮

દેશના ૫૦ કરોડ જેટલા




ગરીબ અને વંચિત નાગરિકોના સ્વાસ્થ્ય માટે આયુષમાન ભારત યોજના આપણા આદરણીય વડાપ્રધાન માન. નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારની વિશ્વમાં સૌથી મોટી અને લગભગ ૧૦ કરોડ પરિવારને આવરી લેતી આરોગ્ય યોજનાનો લાભાર્થીઓની આરોગ્ય સેવાઓ માટે શુભારંભ થઈ ગયો છે.

આયુષમાન ભારત કાર્ડ ઝડપથી મળી શકે, ઝડપથી કામગીરી થાય લોકોને લાભ મળે તેવા હેતુસર ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટાની શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલમાં લાભાર્થીઓને ગોલ્ડ કાર્ડ કાઢી આપવામાં આવે છે. આવા બે જરૂરિયાતમંદ લાભાર્થીઓને હાઈડ્રોલિક એકિવ્યુ લેન્સ સાથે મોતિયાના સફળ ઓપરેશન કરી આપવામાં આવ્યા છે. માનનીય નરેન્દ્રભાઈ મોદીનો પત્ર જે લાભાર્થીઓને મળેલ છે તેવા લાભાર્થીઓ પોતાના જરુરી ડોકયુમેન્ટ લઈ ગોલ્ડ કાર્ડ માટે સંસ્થાના કાર્યાલયમાં સરળતાથી કાર્ડ કઢાવી શકે તેવું હોસ્પિટલના કન્વીનર રામચન્દ્રભાઈ પટેલે જણાવ્યું છે.

## પારેખદાદાની વાંસણીના સથવારે સ્મશાનમાં પરોઢ સુધી ભજનના સૂર રેલાયા

**સતત ૨૭મા વર્ષે ૭૬ વર્ષીય પારેખદાદાએ વાંસળીવાદન કર્યુ : રાતભર ચાલેલા કાર્યક્રમમાં ભજન, સ્તુતિ, છંદ-દોહા, ગઝલ અને પ્રભાતિયાની રમઝટ જામી**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના સેક્ટર-૩૦ ખાતેના સ્મશાન મુક્તિધાન ખાતે સતત ૨૭મા વર્ષે કારતક માસની અમાસે આખી રાત પારેખદાદાની વાંસળીના સૂરો



રેલાયાં અને સાથે વહેલી પરોઢ સુધી ભજન, સ્તુતિ, દુહા-છંદ, ગઝલ અને પ્રભાતિયાં વગેરેની રમઝટ જામી હતી. આ કાર્યક્રમમાં ૭૬ વર્ષીય પ્રવિણચંદ્ર પારેખ ઉર્ફે પારેખદાદા ઉપરાંત અમદાવાદથી આવેલા ચંદ્રકાન્તભાઈ તથા ગાંધીનગરના ચંદ્રકાન્ત પંડ્યા, સિવિલ હોસ્પિટલમાં કાર્યરત હસમુખભાઈ અને આઈટીઆઈમાં કાર્યરત રાજુભાઈ શ્રીમાળી સહિત ગાયકોએ વિવિધ ભજનો, લોકગીતો સહિતની કૃતિઓ રજુ કરી હતી.

કાર્યક્રમમાં શહેરના જાણીતા કલારસિક અને અગ્રણી જયરાજસિંહ સરવૈયા તથા આશાબેન સરવૈયા, જીઈબીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર વજુભાઈ રાજપરા, નિવૃત્ત કમિશનર સુબોધ આડેસરા, નિવૃત્ત બેંક અધિકારી અશોકભાઈ ત્રિવેદી, હેપ્પી યુથ ક્લબના કોષાધ્યક્ષ ભાવના રામી સહિત પારેખદાદાના ગુરૂ રહી ચુકેલા અને આણંદથી પધારેલા પ્રભુદાસ કાપડી વગેરે સહિત અનેક કલા-સાહિત્ય અને ભજન રસિકો ઉપસ્થિત રહ્યાં હતા.

કાર્યક્રમમાં ઋષિ શ્રીમાળી, પારેખદાદાના પુત્ર રાજેશ પારેખ તથા યુવા કલાકાર કશ્યપે તબલાની સંગત જમાવી હતી. જ્યારે પારેખદાદાના દિકરી રૂપલબેન રાજપરા તથા લતાબેન મંડલીએ મંજીરાની ધૂનનો સાથ આપ્યો હતો. કાર્યક્રમના આયોજન માટે રોહિતભાઈ દરજી, જીલુભા ધાંધલ સહિત સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી હતી. હેતલ મંડપવાળા કમલેશભાઈ, પેથાપુરની જનક ચાવાળા મહેશભાઈ તથા દવે સાઉન્ડવાળા નરેશભાઈ તથા પેટ્રોલ પંપવાળા પંકજભાઈ વાઘેલાએ વ્યવસ્થા પુરી પાડી હતી. જેના પ્રતાપે પરોઢના પ્રભાતિયા સુધી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.



**ખોરાક અંગેની જન જાગૃતિ માટે ગાંધીનગર આવેલી સાયકલ યાત્રાએ આજે મહેસાણા જવા પ્રસ્થાન કર્યું**

કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના એફ.એસ.એસ.એ.આઈ. દ્વારા સમગ્ર ભારતમાં ખોરાક અંગેની જનજાગૃતિ માટે આયોજીત સ્વસ્થ ભારત યાત્રા-સાયકલ યાત્રા આજે ગાંધીનગરથી મહેસાણા જવા સવારના ૮ કલાકે પ્રસ્થાન કર્યુ હતું. આ સાયકલયાત્રાનું પ્રસ્થાન ગાંધીનગર જિલ્લાના નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા, નાયબ મ્યુનિસિપલ કમિશનર જે.બી.બારૈયા અને ફૂડ એન્ડ સેફટી અધિકારી સી.એસ. ગોહિલે કરાવ્યું હતું. સાયકલ યાત્રામાં ગાંધીનગરથી મહેસાણા સુધી ગાંધીનગરના ૨૫ જેટલા યુવકો પણ જોડાયા હતા.

# સિનિયર નેશનલ બાસ્કેટ બોલ સ્પર્ધા આગામી મહિને યોજાશે

દેશની સૌથી મોટી બાસ્કેટબોલની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા એવી ૬૯મી સિનિયર નેશનલ બાસ્કેટબોલ ચેમ્પિયનશિપ ગુજરાતના ભાવનગર ખાતે ૫ થી ૧૨ જાન્યુઆરી, ૨૦૧૯ દરમિયાન યોજાશે, જેનું ઉદ્ઘાટન રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા તા.૫મી જાન્યુઆરીના રોજ ભાવનગરના સિદસરમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં આવેલ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના નવા બાંધકામ ઈન્ડોર કોર્ટ્સ ખાતે કરવામાં આવશે. આ પ્રસંગે રાજયના રમતગમત મંત્રી ઈશ્વરભાઈ પટેલ, ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ સહિતના અનેક મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રીય કક્ષાની આ સૌથી બાસ્કેટબોલ ચેમ્પિયનશીપમાં દેશના ૩૨ રાજયો-યુનિટ્સમાંથી ૫૯ ટીમો અને ૧૨૦૦થી વધુ ખેલાડીઓ ભાગ લેશે. ૬૯મી સિનિયર નેશનલ બાસ્કેટબોલ ચેમ્પિયનશિપ અંગે ઓર્ગેનાઈઝિંગ ચેરમેન શ્રી જીતુભાઈ વાઘાણી અને ઓર્ગેનાઈઝિંગ પ્રેસિડેન્ટ શ્રી શક્તિસિંહ ગોહિલે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગુજરાત સ્ટેટ બાસ્કેટબોલ એસોસીએશન આ ઘોષણા કરતાં ખુશી અનુભવે છે કે બાસ્કેટબોલ ફેડરેશન ઓફ ઈન્ડિયાના ટેકા હેઠળ તા.૫ થી ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૯ દરમિયાન પુરુષો અને મહિલાઓ માટે ભાવનગરના સિદસરમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં આવેલ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના નવા બાંધકામ ઈન્ડોર કોર્ટ્સ ખાતે ૬૯મી સિનિયર નેશનલ બાસ્કેટ બોલ ચેમ્પિયનશિપ યોજાશે. ભાવનગર ખાતે દેશમાં સૌપ્રથમવાર આંતરરાષ્ટ્રીય કક્ષાની ઉજવણી અને આગતા સ્વાગતા સાથે આ ચેમ્પિયનશીપ યોજાશે. ગુજરાત અને સમગ્ર દેશ માટે આ ગૌરવવંતી ઈવેન્ટ છે, જે બદલ ગુજરાત સ્ટેટ બાસ્કેટબોલસ એસોસીએશન અભિનંદનને પાત્ર છે.

ઓર્ગેનાઈઝિંગ ચેરમેન જીતુભાઈ વાઘાણી અને ઓર્ગેનાઈઝિંગ પ્રેસિડેન્ટ શ્રી શક્તિસિંહ ગોહિલે વધુમાં ઉમેર્યુ હતું કે, મેન અને વુમન્સ (પુરુષો અને મહિલાઓ) સેક્શન્સમાં ભારતના ૩૨ સ્ટેટ્સ / યુનિટ્સમાંથી ઈન્ડિયન રેલવે, સર્વિસીસ, ઉત્તરાખંડ, કર્ણાટક, દિલ્હી, જમ્મુ અને કાશ્મીર, મિઝોરમ સહિતના અનેક રાજ્યોની રેકોર્ડ નંબર ૫૯ ટીમો ભાગ લેશે. બંને સેકશન્સ (વિભાગો) માંથી ચેમ્પિયન ૮ ટીમો ૨૦૨૦ ફેડરેશન કપ નેશનલ ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાઈ થશે.

# ગુજરાતમાં ૨૬મી ડિસેમ્બરે બેંક કર્મચારીઓ હડતાળ પર

અમદાવાદ, તા.૮

ગુજરાતમાં જાહેર ક્ષેત્રની બેન્કોના કર્મચારીઓ ૨૬મી ડિસેમ્બરના દિવસે હડતાલ પર ઉતરવાની તૈયારી કરી રહ્યા છે. ત્રણ જાહેર ક્ષેત્રની બેન્કો બેન્ક ઓફ બરોડા, દેના બેન્ક અને વિજયા બેન્કના સૂચિત મર્જર સામેના વિરોધમાં બેન્ક કર્મચારીઓ હડતાલ પાડનાર છે. જેના લીધે બેન્ક બંધ રહેશે. મહાગુજરાત બેન્ક એમ્પલોઈઝ એસોસિએશનના કહેવા મુજબ આશરે ૭૦,૦૦૦ બેન્ક કર્મચારીઓ આ હડતાલમાં ભાગ લેશે. ઓલ ઈન્ડિયા બેન્ક એમ્પલોઈઝ એસોસિએશનના નેતૃત્વમાં આ હડતાલ પાડવામાં આવી રહી છે. ગુજરાતમાં જાહેર ક્ષેત્રની તમામ બેન્કોના કર્મચારીઓ સૂચિત મર્જર સામેના વિરોધમાં બેન્ક હડતાલ પાડશે. સૂચિત મર્જરના પરિણામ સ્વરૂપે રાજ્યમાં જાહેર ક્ષેત્રોની બેન્કની સંખ્યામાં ઉલ્લેખનિય રીતે ઘટાડો થશે. કર્મચારીઓ દ્વારા આને લઈને વાંધો ઉઠાવવામાં આવી રહ્યો છે. સતત બે દિવસ બેન્ક બંધ રહેશે. ૨૫ અને ૨૬મી ડિસેમ્બરના દિવસે બેન્ક બંધ રહેશે. આ ઉપરાંત ગુજરાતમાં જાહેર ક્ષેત્રની બેન્કના કર્મચારીઓ આઠમી જાન્યુઆરી અને નવમી જાન્યુઆરીના દિવસે ઈન્ડસ્ટ્રીયલ ટ્રેડ યુનિયન દ્વારા પાડવામાં આવનાર રાષ્ટ્રીય વ્યાપી હડતાલમાં પણ સામેલ થશે. જેના પરિણામ સ્વરૂપે આઠમી નવમી જાન્યુઆરીના દિવસે પણ બેન્કો બંધ રહેશે. એસબીઆઈ તરફથી પણ પોતાની પ્રતિક્રિયા આપવામાં આવી ચુકી છે. બેન્ક ઓફ બરોડા, દેના બેંક અને વિજયા બેન્કના સૂચિત મર્જરને લઈને કર્મચારીઓ નાખુશ દેખાઈ રહ્યા છે. મર્જર અને પ્રાપ્તીથી બેડલોનની વસુલાતને લઈને કોઈ રાહત મળશે નહીં. હકીકતમાં મર્જરના પરિણામ સ્વરૂપે રિકવરી મુશ્કેલ બની રહી છે. છેલ્લા ઘણા સમયથી મર્જર સામેનો વિરોધ થઈ રહ્યો છે.



**અક્ષરજ્ઞાનના વર્ગને મળી અભ્યાસ સામગ્રીની ભેટ**

શહેરના સેક્ટર-૨૩માં ફુટપાથ પર રાત્રિના સમયે સ્ટ્રીટલાઈટના ઉજાસના સથવારે જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોના બાળકોને ભણાવવાની સેવા આપતા ''અક્ષરજ્ઞાન''ના વર્ગો ચાલી રહ્યાં છે. ''અક્ષરજ્ઞાન''ના વર્ગમાં અભ્યાસ કરતા બાળકોને પૂર્વ શિક્ષક જગદીશ ઉપાધ્યાય દ્વારા તેમના સ્વજનોની પુણ્યતિથિ નિમિત્તે અભ્યાસની સામગ્રીની કીટ સાથે નાસ્તાની ભેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**ટચૂકડી જાહેર ખબર**

**નામ બદલેલ છે**

મારું નામ રોનકકુમાર ઘનશ્યામભાઈ પટેલ હતું તે બદલી નવું નામ રવિકુમાર ઘનશ્યામભાઈ પટેલ રાખેલ છે. જેની નોંધ લેવી.

લી.

રવિકુમાર ઘનશ્યામભાઈ પટેલ
ડી-૧૦૩, સાર્થક સંકલ્પ,
કુડાસણા, તા.જી. ગાંધીનગર
મો. નં. ૯૭૮૩૦૮૩૫૫૩